અપીલ અરજી નં.૬૭ તા.૬–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની આઈ ડી નં.૪ તા.૪–૪–૧૧ ની અરજીથી સુ.મ.પા. ઈસ્ટઝોન (વરાછા) ના લંબેહનુમાન રોડ થી બોમ્બે માર્કેટ જવાના રસ્તે આવેલ સ્લમ વિસ્તાર દલિત વસાહત સેવા સંઘ આંબાવાડી, નવિ વસાહત, મફત નગર, ગણેશ નગર, શિવાજીનગર, વિસ્તાર વગેરે સ્લમ વિસ્તારનાં નળોમાં ખરાબ પાણી આવતું હોય અને જનતાના આરોગ્યને નુકશાન પહોંચાડે છે. તેની તપાસ કરી પાણીના સેમ્પલો આપવા વિ. માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૬–૫–૧૧ ની SMC/FAP/ નં.૬૭/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની આઈ ડી નં.૪ તા.૪–૪–૧૧ ની અરજીથી સુ.મ.પા. ઈસ્ટઝોન (વરાછા) ના લંબેહનુમાન રોડ થી બોમ્બે માર્કેટ જવાના રસ્તે આવેલ સ્લમ વિસ્તાર દલિત વસાહત સેવા સંઘ આંબાવાડી, નવિ વસાહત, મફત નગર, ગણેશ નગર, શિવાજીનગર, વિસ્તાર વગેરે સ્લમ વિસ્તારનાં નળોમાં ખરાબ પાણી આવતું હોય અને જનતાના આરોગ્યને નુકશાન પહોંચાડે છે. તેની તપાસ કરી પાણીના સેમ્પલો આપવા વિ. માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે પાણીના સેમ્પલ આપવા કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૮ તા.૧૩–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને આરોગ્ય અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪ તા.૬–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪ તા.૩૦–૪–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલ લેબોરેટરી ખટોદરા ખાતે લેબ/આ.નં.૧૫૭૦ તા.૨૧–૩–૧૧ તથા લેબ /આ.નં.૪૧ તા.૧૧–૪–૧૧ શોર્ટ કેમીકલ વોટર ટવેસ્ટીંગ રીપોર્ટની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૪–૪–૧૧ ની અરજીથી વરાછાઝોન વિસ્તારમાં સ્લક દલિત વસાહત ખરાબ પાણી આવવા બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઈસ્ટઝોન વરાછાને કરવામાં આવેલ. જે અંગે અરજદારે માંગેલ માહિતી ૩૦ દિવસના સમય મર્યાદામાં આપેલન થી તેવું જણાવી તા.૬–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪ તા.૩૦–૪–૧૧ થી અરજદારને નિયત સમય અવધિ પહેલા માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદૃા નં.(૧) સુ.મ.પા. ઈસ્ટઝોન (વરાછા) ના લંબેહનુમાન રોડ થી બોમ્બે માર્કેટ જવાના રસ્તે આવેલ સ્લમ વિસ્તાર દલિત વસાહત સેવા સંઘ આંબાતલાવડી, નવિ વસાહત, મફત નગર, ગણેશ નગર, શિવાજીનગર, વિસ્તાર વગેરે સ્લમ વિસ્તારનાં નળોમાં ખરાબ પાણી આવે છે તેવી ફરીયાદ આ વિસ્તારોમાંથી જાણવા મળી છે નળ ધ્વારા ખરાબ પાણી આવતું હોય અને જનતાના આરોગ્યને નુકશાન પહોંચાડે એવો પ્રશ્ન છે તાત્કાલીક ધોરણે એની તપાસ થાય , આ પ્રશ્ન અંગે જેની જવાબદારી હોય તેઓએ વ્યવસ્થિત કરી પાણીના ટ્રાયલ અમોને આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દલિત વસાહત, સેવા સંઘ, આબાવાડી નવી વસાહત, મફતનગર, ગણેશનગર, શિવાજીનગર વિગેરે વિસ્તારમાં તા.૮–૪–૧૧ ના રોજ સેમ્પલ લેવડાવી ખટોદરા લેબોરેટરી ખાતે ટેસ્ટીંગ માટે મોકલી આપવામાં આવેલ. ખટોદરા લેબોરેટરીના તા.૧૧–૪–૧૧ ના રીપોર્ટ મુજબ ઉપરોકત તમામ વસાહતના પાણીના સેમ્પલના રીપોર્ટ ફીટ આવેલ છે. જેની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તેવું જણાવેલ છે. તેમજ અત્રે પણ રજૂ કરેલ છે. મુદૃા નં.(૨) વરાછાઝોનના આ સ્લમ વિસ્તારમાં એક ધારી ૧૫ દિવસથી એવું ખરાબ પાણી નળ ધ્વારા લોકોને મળે છે એનું કારણ છે? એની માહિતી આપો. આ પ્રશ્ન જનતાના આરોગ્યને હાનિકારક હોવાથી એને તાત્કાલીક ધોરણે લાગતા વળગતા અધિકારીઓએ તપાસ કરી જનતાને ચોખ્ખું પીવાનું પાણી મળે એવી વ્યવસ્થા કરી અરજદારને પાણીના ટ્રાયલ અને કયા કારણથી દુષિત પાણી આવે છે એની સંપૂર્ણ વિગતવાર માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મફતનગર વિસ્તારમાં વરાછાઝોનના પાણી ખાતા ધ્વારા ગંદા પાણીની ફરીયાદ અન્વયે તા.૭–૩–૧૧ ના રોજ ૧/૨ " ના અને ૧ (એક) કનેકશન સડી ગયેલ હોઈ બંધ કરવામાં આવેલ હતું તેમજ તા.૮–૩–૧૧ ના રોજ ૧/૨" ના ૫ (પાંચ) કનેકશન ચેક કરવામાં આવેલ હતાં અને સડી ગયેલ ૧/૨" ના એક કનેકશન બંધ કરવામાં આવલ હતું તેમજ તા.૯–૩–૧૧ ના રોજ ૧/૨" ૨(બે) કનેકશન ચેક કરવામાં આવેલ હતાં. હાલમાં સદર વિસ્તારમાં ચોખ્ખું પાણી મળે છે જેનો રીપોર્ટ અરજદારને આપેલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજ સહિત હકીકતલક્ષી માહિતી સમય અવધિ પહેલા પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૦૪–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી સમય અવધિ પહેલા પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ  કોઈ કાર્યવાહી કરવાની  રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :  –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,